સુવિચાર : જીવનમાં ભક્તિ દ્વારા શ્રદ્ધા અને શ્રદ્ધા દ્વારા સ્થિરતા લાવી શકાય છે.. આસક્તિ દ્વારા સ્થિરતા આવતી નથી - મોરારિ બાપુ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૬૪ | ૧૪ મે, ૨૦૧૫, ગુરૂવાર ; વૈશાખ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



**કરાચીમાં બસ પર આતંકવાદી હુમલો : ૪૭ના મોત**

Page-6

# શહેરમાં વાવાઝોડા સાથે વરસાદ

## બપોર બાદ અચાનક વાતાવરણમાં પલ્ટોઃવિજકડાકા અને વંટોળ સાથે અષાઢી માહોલ છવાયો : ધૂળિયા વાતાવરણથી નગરનું જનજીવન પ્રભાવિત થયું વાહનચાલકો અટવાયા ભારે પવનના સૂસવટા સાથે કેટલાક ઠેકાણે વૃક્ષોની ડાળીઓ નમી પડી : વરસાદી પાણીના ખાબોચિયા ભરાયા

ગાંધીનગર, તા ૧૩

શહેરમાં બપોર બાદ સાંજના સમયે વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો આવતા આકાશમાં વાદળો ઘેરાઈ આવ્યા હતા. પવનના સૂસવાટા વચ્ચે ધૂળની ડમરીઓ ઉડતા આંખ સામેનું દ્રશ્ય ધુંધળુ બની ગયું હતું. વંટોળની સાથે વરસાદના છાંટણા પડયા હતા. આકાશમાં ઘેરાયેલા કાળા ડીંબાંગ વાદળો સાથે વરસાદી વાયરો ફુંકાતા ગરમી અદ્રશ્ય થઈ ગઈ હતી. વાદળ ગર્જના સાથે વરસાદ શરૂ થઈ ગયો હતો. વીજળીના ચમકારા અને ગગનભેદી વીજકડાકા સાથે ભર ઉનાળે અષાઢી માહોલ છવાઈ ગયો હતો. અચાનક વાતાવરણ પલ્ટાથી રાહદારીઓ પણ હેબતાઈ ગયા હતા. આંધીના લીધે વાહનચાલકો માર્ગ વચાળે અટવાઈ પડયા હતા.

શહેરમાં છેલ્લા કેટલાક સમયથી આકરા બનતા ઉનાળે ગરમીએ જોર પકડતા નગરનુ જનજીવન ગરમીથી પ્રભાવિત બન્યું હતું અસહય ગરમીએ નગરજનોને બેબાકળા કરી દીધા છે. ગરમીનો પારો ૪૨ ડીગ્રી ની આસપાસ સ્થિર રહેતા દિવસના આકરા તડકાથી નાગરિકો ત્રાહિમામ પોકારી ગયા હતા. ઉનાળાની આકરી ગરમી દરમિયાન ગઈકાલે ધરતીકંપના આંચકા બાદ આજે બપોર પછી અચાનક વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. સાંજે ૪:૩૦ કલાક બાદ મૌસમનો મિજાજ બદલાયો હતો. આકાશમાં આચાનક જ વરસાદી વાદળો ઘેરાઈ આવ્યા હતા. આકાશી નઝારો બદલાવાની સાથે ભારે પવન સાથે વંટોળ આવતા શહેરમાં ચારેકોર ઘુળિયું વાતાવરણ થઈ ગયું હતું. પવનનું જોર વધારે હોવાથી રહિશોના ઘરોમાં પણ ઘૂળના થર જામી ગયા હતા. વરસાદી વાયરા સાથે આંધી આવતા રાહદારીઓ મુંઝાયા હતા. આકાશમાં વિજચમકારા અને વીજકડાકા સાથે વરસાદના છાંટણા શરૂ થતા ભીની માટીની મહેંક પ્રસરી હતી. વાદળ ગર્જના સાથે વરસાદ ખાબકતા મૌસમનો નઝારો બદલાઈ ગયો હતો. શહેરના માર્ગો પર વરસાદી પાણીના ખાબાચિયા ભરાઈ ગયા હતા. ખાસ કરીને નીચાણવાળા વિસ્તારમાં વરસાદી પાણી ભરાઈ ગયું હતું. સતત પોણા કલાક સુધી વાતાવરણમાં વરસાદી વાયરો યથાવત રહેતા વાહનચાલકો અટવાઈ પડયા હતા. સાંજના સમયે અચાનક વાવાઝોડું આવતા વરસાદી સાંજથી નગરનુ જનજીવન પ્રભાવિત થયું હતું. શહેરમાં ઘણા ઠેકાણે વૃક્ષોની ડાળીઓ ધરાશાયી થઈ હતી. વાતાવરણ

● અનુસંધાન પાન-૭ પર





(તસવીર : કશ્યપ નિમાવત)

## સે-૨૧ માં સ્ટ્રીટ લાઈટનો પોલ જમીનદાસ્ત થયો

આજે સાંજના સમયે અચાનક વાતાવરણ પલ્ટો થતા વંટોળ સાથે ધૂળની ડમરીઓ ઉડી હતી. વાતાવરણમાં પવનનું જોર વધારે હોવાથી નગર ધૂળિયું બની ગયું હતું. મુખ્ય માર્ગો અને સેકટરોના આંતરિક રસ્તાઓ પર વૃક્ષો પણ ભયજનક હોવાથી રસ્તે જતા રાહદારીઓ દુર રહયા હતા.શહેરમાં ભારે પવનના સૂસવાટા સાથે ખાબકેલા વરસાદમાં સે - ૨૧ માં પેટ્રોલપંપ સામે ઈલેકટ્રીકનો થાંભલો જમીનદોસ્ત થઈ ગયો હતો. વરસાદી સાંજમાં પવનનું જોર વધારે હોવાથી અનેક ઠેકાણે વૃક્ષોના ડાળા નમી ગયા હતા. જયારે સે ૨૧માં પેટ્રોલપંપ સામે ઈલેકટ્રીકનો પોલ ધરાશાયી થઈ ગયો હતો. જો કે સદનસીબે આસપાસમાં કોઈ ન હોવાથી જાનહાની થવા પામી ન હતી. શહેરમાં નમી પડેલા વૃક્ષો ઉપરાત સ્ટ્રીટ લાઈટના થાંભલાઓની પણ સંખ્યા વિશેષ હોવાનો સુર ઉઠવા પામ્યો છે. આવા સંજોગોમાં આ પ્રકારના થાંભલાઓને દુર કરવામાં આવે તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.



# સેક્ટર-૬માં કોર્પોરેટ હોસ્પિટલ બનશે

## ગાંધીનગરમાં ઈ-હરાજી પ્લોટોની તૈયારીઓ પૂરજોશમાં : ૧૮મીથી ડિઝીટલ સિગ્નેચર અપાશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરમાં ૯૮ પ્લોટોની ઈ.હરાજી ૧લી જૂનથી યોજવાની તંત્ર દ્વારા આજે વિધીવત્ ઘોષણા કરી દેવામાં આવી છે. આ ઈ-હરાજી માટે ડિઝીટલ સિગ્નેચર મેળવવા માટેનો કાર્યક્રમ પણ તંત્ર દ્વારા ઘોષિત કરાયો છે.

જિલ્લા તંત્રએ ડિઝીટલ સિગ્નેચર લેવા માટે હરાજી રસ ધારકોને સાત દિવસનો સમય આપ્યો છે. જે સોમવાર તા. ૧૮મીથી શરૂ થશે અને ૨૭મીએ તે સંપન્ન થશે. આ બીડધારકોને ઈ-હરાજીમાં કેવી રીતે ભાગ લઈ શકાશે તે માટે ૨૯-૩૦ના રોજ તાલિમ આપવામાં આવશે.

૧૦ વર્ષના લાંબા ગાળા બાદ આ હરાજી યોજવામાં આવી રહી છે. આ હરાજી ૧લી જૂનથી ૬ જૂન વચ્ચે યોજાશે. ૭ જેટલા સ્લોટમાં આ હરાજીની પ્રક્રિયા સંપન્ન થશે. છેલ્લી બે મિનિટમાં બીડ બોલનારાઓની સંખ્યા વધારે હશે તો હરાજીની સમય મર્યાદામાં ૫ મિનિટ માટે લંબાવવામાં આવશે. જે માત્ર ૩ જ વાર શક્ય બનશે.

જિલ્લા તંત્રએ શહેરના વધતા જતા વિકાસને ધ્યાને રાખી ૨૮ જેટલા વાણિજ્ય વિસ્તારના પ્લોટોની હરાજી કરવાનો નિર્ણય લીધો છે. આ વાણિજ્ય વિસ્તારના પ્લોટોની ૬૨.૫ ચો.મી.થી લઈ ૧૫૦ ચો.મી. વિસ્તારના છે. આ ઉપરાંત શોપીંગ મોલ માટે પણ ૧૦૦૦ ચો.મી.થી ૧૮૦૦ ચો.મી. ના બ્લોટ અલગ તારવવામાં આવ્યા છે.

વાણિજ્ય વિસ્તારના નાના પ્લોટ સે. ૨, ૩, ૫, ૬, ૮ માં છે, તો મોટા શોપીંગ મોલ માટેના પ્લોટ સે. ૧૧,

● અનુસંધાન પાન-૭ પર

# ૨૨ નાયબ કલેક્ટરો બદલાયા

## સાત મામલતદારોને નાયબ કલેક્ટર તરીકે બઢતી પાંચને વધારાના હવાલા : ૧૧ ડેપ્યુટી કલેક્ટરો બદલાયા

ગાંધીનગર, તા. ૧૩

રાજ્યના મહેસુલ વિભાગે આજે ૨૨ જેટલા ડે. કલેક્ટર સંવર્ગના અધિકારીઓની બદલી-બઢતી અને વધારાના ચાર્જ આપતા હૂકમો જારી કર્યા છે.

ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરીમાં સ્ટેમ્પ ડ્યુટીની ખાલી પડેલી જગ્યા પર શ્રી સી.પી. રાણા પ્રાંત અધિકારી બાયડને મુકવામાં આવ્યા છે. આ ઉપરાંત શ્રીમતિ પુષ્પાબેન નિનામાને ગાંધીનગરથી બદલી જામનગર મુકવામાં આવ્યા હતા તેમના હૂકમમાં સુધારો કરી સ્પીપામાં મુકવામાં આવ્યા છે. ખેડબ્રહ્મા પ્રાંત તરીકે મુકાયેલા શ્રી પ્રકાશ મોદીને બદલીના હૂકમમાં સુધારો કરી મહેસુલ તપાસણી કમિશનરની કચેરીમાં મુકવામાં આવ્યા છે.

દહેગામ મામલતદાર વી.જી. રોરને બઢતી આપી પ્રાંત અધિકારી વિસનગર તરીકે નિયુક્તી આપવામાં આવી છે. તો એમ.ડી. શિણોજીયાને મામલતદાર વેરાવળમાંથી બઢતી આપી પ્રાંત અધિકારી જુનાગઢ તરીકે મુકવામાં આવ્યા છે.

બદલી બઢતીના કરાયેલા હૂકમોને પગલે પાંચ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી તરીકે વધારાના હવાલા સોંપવાના હૂકમો પણ આ સાથે કરવામાં આવ્યા છે.

મહેસુલ વિભાગે આજે સાત મામલતદાર સંવર્ગના અધિકારીઓને ડે. કલેક્ટર તરીકે બઢતી આપી છે તો ૧૧ જેટલા ના. કલેક્ટરની બદલીના હૂકમો કરાયા છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

CBSE & GUJ. BOARD
Private, Personal & On-line Tuitions
Sir AJIT PILLAI
Mathematics & Science
Std. 8th to 12th
Convent Class of Education : 98258 38108




જોઈએ છે
• LED-TV
• LCD-TV
બંધ હાલતમાં
સંપર્ક : શૈલેષભાઈ
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬




જાહેરાતનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧